

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*હિંદુત્વ જોહુકમીએ ઈતરકોમ નારાજ છે!*
*નોટબંધીના કારણે ધનિકકોમ નારાજ છે!*
*નારાજ, છે વાલીઓ પણ શિક્ષણનીતિના તૂતે -*
*જીએસ્ટી ગૂંગળામટે વેપારીકોમ નારાજ છે!*
*(જો જો ! અમિતભાઈ નારાજ ન થઈ જાય!)*

### હાઈકુ

*ગણત્રીબાજ!*
*રાજકીય શકુનિ -*
*ખેલે જુગાર...*

*લ્યો! બિલ્ડરોને*
*ઉપડી 'અ-રેરા-ટી' -*
*આપો અમને...*
*(- પણ અન્નપૂર્ણા...)*

### ચિંતન

*ન કામાસક્તસ્ય કાર્યાનુષ્ઠાનમ્ ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**ચરિત્રહીન વ્યક્તિ કયારેય કોઈ કાર્ય કરી શકતી નથી.**

**કામલોલુપ મનુષ્ય હંમેશા વાસનાથી ઘેરાયેલો હોવાથી કોઈ કાર્યનો પ્રારંભ કરી શકતો નથી અને જો તે પ્રારંભ કરે છે તો પરિશ્રમ અને નિષ્ઠાપૂર્વક એને પુરું કરી શકતો નથી. આથી આવા મનુષ્યોને કોઈ કામ નો સોંપવું જોઈએ. દેશની ઉન્નતિ માટે રાજા અને પ્રજા બંનેનું ચારિત્ર્ય ઉત્તમ હોવું આવશ્યક છે.**

**વ્યક્તિ એક નિષ્ઠ, સત્ય પર ચાલનાર નિયમિત અને સજ્જન હોય તો સૌને તેના પર પાકો ભરોસો - વિશ્વાસ હોય છે કે આ વ્યક્તિ આમ જ વર્તન કરશે, સાચો ન્યાય - નિર્ણય કરશે પરિણામે 'ચારિત્ર્યવાન' કહેવાય છે.**

**ચારિત્ર્યવાન, નિષ્ઠાવાન, દેશપ્રેમી, પરિવારપ્રિય હોય છે. સારો નાગરિક હોય છે.**

### સુવિચાર

- કોઈ પણ પરિસ્થિતિમાં માયા મુંઝવે નહીં, એનું નામ 'વિતરાગી વિજ્ઞાન' - **આપ્તસૂત્ર**
- ભૌતિકને જાણે તે 'એલર્ટનેસ' કહેવાય અને આ સંસારમાં 'રિયલ' શું છે અને 'રિલેટીવ' શું એ બધું જાણે તે 'એક્ઝેટનેસ' કહેવાય - **દાદા ભગવાન**
- જેઓ પોતાના પ્રતિષ્ઠિત પૂર્વજોના આધઆરે પ્રગતિ કરે છે તેઓ પોતાની ફરજ બજાવવાને બદલે દેવું કરે છે - **કાર્યચુંગ**
- પેટ કંઈ શિખામણ સાંભળતું નથી - **સેનેકા**
- વાચાળ પણ નિષ્ક્રિય માણસ ઘાસથી ભરેલા બાગ જેવો છે - **મુંબઈ સમાચાર**
- તાર્તિક પરિણામો એ મૂર્ખાઓ માટે ચાડિયા છે અને ડાહ્યા માણસો માટે દીવાદાંડી સમાન છે - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : સંનિપાતમાં તાવમાં શરીર ઠંડુ પડી જાય ત્યારે ગરમી લાવવા માટે રાઈના તેલની માલિશ કરવાથી આરામ થાય છે **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ખુદાતાલામાં ભરપૂર વિશ્વાસ રાખીને હારૂન અલ રશીદ પ્રજાનું હિત જળવાય તે રીતે શાસન સંભાળતા હતા. એકવાર એમનો પુક્ષ દોડીને મળવા આવ્યો. હારૂને કહ્યું, 'શું થયું બેટા ?' પુત્રની આંખમાં ખુન્નસ હતું અને મુખ પર ગુસ્સો દેખાતો હતો... તેણે કહ્યું, 'પિતાજી! આપણા સેનાપતિના પુત્રને ફાંસીની સજા ફરમાવો, હાથીના પગ નીચે કચડાવી મારો... એણે મને આજે ખૂબ અપમાનિત કર્યો છે અને અપશબ્દો બોલ્યો છે.' હારૂને શાંતચિત્તે કહ્યું, 'બસ બેટા આટલી નાની વાતમાં તું એને મોટી સજા અપાવવા તૈયાર થયો છે?? ગાળનો જવાબ ગાળથી જ અપાય, એ માટે દેહાંડદંટ તો બહુ આકરી સજા કહેવાય. એમાં ઈન્સાફ નથી અને તું સામે સેનાપતિના પુત્રને ગાળ સંભળાવી શકે પણ એમ કરતાં પહેલાં તારે એટલું વિચારવું જોઈએ કે તું તો એક શહેનશાહનો પુત્ર છે, તારા મોઢામાં અપશભ્દો શોભે ખરાં? એક શહેનશાહના વિવેકી પુત્રને આવો ક્રોધ અને વૈરવૃદ્ધિ શોભે ખરાં?'

પુત્રનો ગુસ્સો શાંત થયો.

# વિશ્વશાંતિના ભોમિયાનું પ્રાગટ્ય પર્વ

ઉમાશંકર જોશીની જ્ઞાનપીઠ પારિતોષિક વિજેતા કૃતિ 'નિશીથ'માં એક કાવ્યનું શીર્ષક છે : 'વર્ષે વર્ષે.' એની છેલ્લી કંડિકા આ પ્રમાણે છે :

વર્ષે વર્ષે ફરી ફરી ભલી એની એ વાત ક્હેવી,
વર્ષે વર્ષે ઉરમથનની ગાવી આનંદગાથા.
એનો એ આ કવિ દિલ તણો લાડીલો કોડીલો રે
વર્ષે વર્ષે ઉર ભરી ભલે મસ્ત ઝૂકે અષાઢ.

આવા મસ્ત અષાઢી કવિવર માટે આપણા સમર્થ વિવેચકો 'કવિઓના કવિ' જેવું કોમ્પ્લિમેન્ટ વાપરતા રહ્યા છે. ઉમાશંકર એ ગુજરાતના રવીન્દ્રનાથ છે, કહેવા હોય તો એમને આપણી ભાષાના કાલિદાસ પણ કહી શકીએ, જેમને ફક્ત સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે જ નહીં, જાહેરજીવનમાં પણ આગવી કેડી કંડારીને ગુજરાતની અસ્મિતાની કીર્તિપટાકા ફરકાવી છે. ઈડરિયા મુલકના ખોબા જેવડા બામણા ગામમાં જન્મેલા આ શાશ્વતી અને વિશ્વશાંતિના કવિએ સમકાલીન ગાંધી ચળવળમાં સક્રિય ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો હતો તો વળી ઈંદિરા ગાંધીના જ શાસનકાળમાં રાજયસભાના નિયુક્ત સદસ્ય બની એ જ ઈંદિરા ગાંધીના જ શાસનકાળમાં રાજયસભાના નિયુક્ત સદસ્ય કરીને લોકતંત્રના રખેવાળ તરીકેની ફરજ પણ અદા કરી હતી. શિક્ષણ ક્ષેત્રે મૂઠી ઊંચેરી પ્રતિભા ગણાતા આ પ્રોફેશર કવિને વર્ગ એ જ સ્વર્ગ લાગતું. ગુજરાત યુનિ.ના ઉપકુલપતિ તરીકેના એમના ઐતિહાસિક કાર્યકાળને ગુજરાતના શિક્ષણ જગતનો સુવર્ણયુગ ગણી શકાય. તે સમયે યુનિવર્સિટીઓના કર્ણધાર બનવા માટે કોઈ રાજકીય પાર્ટી કે વિચારધારાની કંઠી ફરજિયાત નહોતી. ગુણવત્તા જ કેન્દ્ર સ્થાને રહેતી અને ઉમાશંકર જોશી સેવા સર્જક-વિચારક આવા પદ પર હોય એથી એ પદની ગરિમા ઊંચકાતી. વિશ્વભારતી કેન્દ્રીય યુનિવર્સિટીના કુલાધિપતિ હંમેશા દેશના વડાપ્રધાન જ રહેતા આવ્યા છે. પરંતુ અપવાદરુપ કિસ્સામાં ઉમાશંકર જોશીએ એ સન્માનનીય પદ પણ એનાયત કરાયું હતું. એથી કવિકુલગુરુ રવીન્દ્રનાથ ટાગોરનો આત્મા પણ જરૂર પ્રસન્ન થયો હશે! ઉમાશંકર જોશીનું સાહિત્યક્ષેત્રે એટલું મોટું અને કાલજયી પ્રદાન છે કે એને સદીઓ સુધી યાદ રાખવું પડશે. ગુજરાતી ભાષાને અજાણતાં જ કયારેક આદિકવિ નરસિંહ મહેતાએ આધ્યાત્મિકતાના શિખરે પહોંચાડી હતી. એ પછી વીર ક્ષેત્ર વડોદરાના માણભટ્ટ પ્રેમાનંદે તત્કાલીન વિષમકાળમાં નિજ ભાષાની થઈ રહેલી

**તંત્રીસ્થાનેથી...**

ઉપેક્ષા સામે રણશિંગુ ફૂંકયું હતું અને અર્વાચીનકાળના આદ્ય પુરુષે નર્મદે ડાંડિયો પીટીને માતૃભૂમિ તેમજ માતૃભાષાનો મહિમા ગાયો હતો. આ તમામ સીમાચિહ્નરુપ કવિવરોની પંગતમાં બેસે એવી જે કવિ બેલડી ગિરા ગૂર્જરીને ગાંધીયુગમાં સાંપડી તે હતી ઉમાશંકર અને સુંદરમ્‌ની જોડી. ઉમાશંકર જોશીના હાત નીચે આપણા આધુનિક સાહિત્યકારોની આખી ને આખી પેઢીઓ ઘડાઈ છે. પોતાના હાઈસ્કૂલ કાળના સહાધ્યાયી પન્નાલાલ પટેલની સિસૂક્ષાને આગવી ચાનક ચડાવીને એમણે આપણી ભાષામાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવો કાલજયી નવલકથાકારા રમતો મૂક્યો, તો વળી એમની છત્રછાયામાં જ આપણને રઘુવીર ચૌધરી અને ભોળાભાળી પટેલ જેવા સર્જકો સાંપડ્યા. ૧૯૩૧માં પ્રગટ થયેલ 'વિશ્વશાંતિ' થી લઈ ૧૯૮૧માં છપાયેલા 'સપ્તપદી' કાવ્યસંગ્રહ સુધી એક કવિ તરીકે તેઓ સતત વિકસતા રહ્યા અને સમકાલીન પ્રવાહો ઝીલતા રહ્યા. ઉમાશંકર જોશી એ દષ્ટિએ ગુજરાતી સાહિત્ય જગતની એક ઘટના છે, બલકે ગાંધીયુગ અને આધુનિક યુગને જોડતી એક રચનાત્મક અને સર્જનાત્મક ઘડી છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે અને ભારતીય જ્ઞાનપીઠની પ્રવર પરિષદના પ્રમુખ તરીકે એમણે બનાવેલી સેવા પણ શેં ભુલાય? આશ્ચર્યની વાત તો એ છે કે ઈડરિયા પથ્થરો વચ્ચે પાંગરેલા આ વન્યપુષ્પની ફોરમને કારણે ગુજરાતી ભાષાને વૈશ્વિક ઓળખ સાંપડી. એક વનબાળ ભોમિયા વિના ડુંગરા ભમવા નીકળી પડ્યો અને શબ્દની સવારી કરીને કયાંથી કયાં પહોંચી ગયો! આવા કાલજયી કવિને આપણે એમની જન્મતિથિ નિમિત્તે પાટનગરવાસીઓની સાક્ષીએ સંભારવાનો રોમાંચ નાનો સૂનો નથી, બલકે આવી સોનેરી તક ચૂકી જઈએ તો આપણે મા શારદાની નજરમાં ઊણા જ ઊતરીએ. ગુજરાતે એના આ કવિની કરવી જોઈએ એવી કદર હજી નથી કરી, એવું નથી લાગતું? ગુજરાતમાં ઉમાશંકર જોશીનું નામ યુનિવર્સિટી સાથે જોડાવું જોઈતું હતું. એમની સાથે જ્ઞાનપીઠ પુરસ્કાર વહેંચાયેલો તેવા કે.વી. પુરપ્પા 'કુવેમ્પુ' ને કર્ણાટકે કેટલાં લાડ લડાવ્યા છે એ તો એકાદ વાર મૈસૂર, બેંગ્લોર કે બેલગામ જાઓ તો સમજાય. દરેક શહેરમાં 'કુવેમ્પુ નગર' નામની વિશાળ વસાહતો બની છે અને મૈસૂર યુનિવર્સિટીને પણ કુવેમ્પુ (કે.વી. પુટપ્પા) મૈસૂર યુનિવર્સિટી એવું નામ અપાયું છે. શું આપણે આપણા સાંસ્કૃતિક જયોર્તિધરની સ્મૃતિમાં આવું કોઈ સ્મારક ન રચી શકીએ?

# કર્તવ્ય, સાહસ, પ્રેમ અને સમર્પણની કથા



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

પ્રાચીન ભારતવર્ષ ('ઈ.પૂ. ૬ઠ્ઠી સદી') માં ત્રણ મહાસત્તા હતી. વત્સ, અવન્તી અને મગધ - ગંગા-યમુનાના સંગમ ઉપરનો પ્રદેશ વત્સ હતો. ત્રણેયમાં શાસકો હતા. ઉદયન, પ્રદ્યોત અને દર્શક.

પ્રજા વત્સલ રાજા ઉદયનના સંગીતપ્રેમી પણ હતો. એકવાર તે વનવિહાર માટે નીકળ્યો. એ વખતે કોઈક પાગલ હાથીએ એના ઉપર ઓચિંતુ આક્રમણ થયું. એની પાસે ઘોષવતી નામની વાણી હતી. એણે માત્ર વીણાવાદનથી હાથીને વશ કરી લીધો. પણ આ ધમાલમાં તે અવન્તીની સીમામાં પ્રવેશી ગયો. એટલે સીમારક્ષકોએ તેને પકડી લીધો. પ્રદ્યોતે એને કારાગારમાં કેદ કરી લીધો. પ્રદ્યોતને સંસ્કારી અને સુંદર દીકરી વાસવદત્તા હતી. રાજાને મનમાં હતું કે આ ઉદયન દીકરી માટે લાયક છે. એકવાર વાસવદત્તા મંદિરે જતી હતી. પાલખીવાહકો હાથ બદલવા થોભઅયા ત્યાં કારાગૃહનો ઉદયન વાળો ખંડ હતો. ઉદયન અને વાસવદત્તાની નજરો મળી. બંનેએ પ્રેમ અનુભવ્યો. રાજાએ વાસવદત્તાને, વીણા શીખવા ઉદયન પાસે મોકલવાનું શરુ કર્યું. રાજકન્યા એની પાસે વીણા શીખવા આવતી.

ઉદયન પાસે બાહોશ મંત્રી હતો. યૌગન્ધરાયણ. એણે પોતાના સ્વામીને છોડાવવાની પ્રતિજ્ઞા લીધી. બીજા મંત્રીઓની મદદથી આ પ્રતિજ્ઞા પાર પાડી. રાજા ઉદયન જેલ તોડીને નાઠો. એની ભદ્રાવતી નામની હાથણી ઉપર, વાસવદત્તાને સાથે રાખી હતી. પોતાની સરહદમાં પ્રવેશી ગયો. પાછળ આવતી પ્રદ્યોતની સેનાએ, ઉદયનના સેનાપતિ રુણ્યવાનના સૈનિકોએ અટકાવી રાખી. પ્રદ્યોતને, જે કાંઈ બન્યું. તેનાથી નાલેશી લાગી. પરંતુ મનથી, એને ગમ્યું. પોતાના રાજયમાં આવીને ઉદયન સ્થિત થયો. પરંતુ વાસવદત્તાનાં પ્રેમમાં ગળાડૂબ થયો. રાજકાજમાં બેદરકાર બની ગયો. આ તકનો લાભ ઉઠાવીને પડોશી રાજા આરૂણીએ એનું રાજય પડાવી લીધું.

હવે યૌગન્ધરાયણે વાસવદત્તાને વિશ્વાસમાં લીધી ગુપ્ત આયોજન કર્યું. રુમણ્વાનને સાથે રાખ્યો. રાજા દર્શનને પદ્માવતી નામે બહેન હતી. યૌગન્ધરાયણ વાસવદત્તાને લઈને મગધ આવ્યો. સન્યાસીના વેશમાં તે પદ્માવતીને મળ્યો, તેને કહ્યું, 'આ મારી બહેન આવન્તિકાને તમારી પાસે થાપણ તરીકે મૂકીને જાઉં છું. તે પરપુરુષનું મુખ દર્શન કરતી નથી.' હવે પદ્માવતી અને આવન્તિકા સખીઓ થઈ ગઈ. ઉદયન એકવાર વનવિહારે નીકળ્યો. પાછો આવ્યો, ત્યારે મહેલમાં આગ લાગી હતી. આમાં વાસવદત્તા બળી ગઈ, એવા સમાચાર મળ્યા. એના અર્ધા બળેલા વસ્ત્રો છાતીએ વળગાડીને એણે આક્રંદ કર્યું. તે એકવાર રાજકીય મંત્રતા માટે મગધ આવ્યો. દર્શકની વિનંતીને સ્વીકારીને, તેણે પદ્માવતી સાથે લગ્ન કર્યા. હવે તેણે દર્શકની લશ્કરી સહાયથી આરુણીને હરાવીને રાજય પાછું મેળવ્યું.

અજાણતાં કેવું બની જતું હોય છે? એકવાર ઉદયનને સ્વપ્નમાં વાસવદત્તા આવી. અને એ વખતે આવન્તિકા પણ હાજર! બે પાંચ ક્ષણ આવી ગઈ. પ્રદ્યોતે ઉદયનને ચિત્ર ભેટ મોકલ્યું. તેમાં વાસવદત્તા હતી પદ્માવતીએ આશ્ચર્ય કર્યું. 'આ બહેન તો મારી પાસે છે!'

હવે વાસવદત્તા અને યૌગન્ધરાયણ પ્રગટ થઈ ગયા. ઉદયન માટે તો અનહદ સુખદ આશ્ચર્યની પરંપરા સર્જાઈ ગઈ! કર્તવ્ય, સાહસ, પ્રેમ અને સમર્પણની કથાનો સુખદ અંત આવ્યો.

# નાણાંકીય કટોકટી દેશના કયા રાજયમાં દાખલ કરી શકાય નહીં?

## ભારતનું બંધારણ

(૧) રાજયપાલ ન હોય ત્યારે રાજયનો વહીવટ કોણ સંભાળે છે?
(અ) મુખ્યમંત્રી (બ) આયોજન મંત્રી
(ક) રાજયના મુખ્ય ન્યાયમૂર્તિ (ડ) રાજયના મુખ્ય સચિવ

(૨) ભારતના રાષ્ટ્રપતિની બંધારણીય જવાબદારીઓ નીચે પૈકી કોની સાથે સામ્યતા ધરાવ છે?
(અ) યુ.એસ. પ્રમુખ સાથે (બ) બ્રિટીશ તાજ સાથે
(ક) ફ્રાન્સના પ્રમુખ સાથે (ડ) રશિયન પ્રમુખ સાથે

(૩) સોલીસીટર જનરલની નિમણૂંક કોણ કરે છે ?
(અ) વડાપ્રધાન (બ) સંસદ
(ક) રાજયસભા (ડ) રાષ્ટ્રપતિ

(૪) નીચેનામાંથી કયા રાજયને વિધાનપરિષદ છે?
(અ) ગુજરાત (બ) હરિયાણા
(ક) મહારાષ્ટ્ર (ડ) ગોવા

(૫) ભારતમાં સૌથી વધારે અંદાજપત્ર કયાં નાણાં પ્રધાને રજૂ કર્યા ?
(અ) આર. વેંકટ રામન (બ) હરિયાણા
(ક) મોરારજી દેસાઈ (ડ) મનમોહનસિંહ

(૬) નાણાંકીય કટોકટી દેશના કયા રાજયમાં દાખલ કરી શકાય નહીં?
(અ) બિહાર (બ) જમ્મુ-કાશ્મીર
(ક) ગોવા (ડ) દિલ્હી

(૭) નીચેનામાંથી કયા સભ્યો રાજયસભા અને લોકસભા બંનેમાં બોલી શકે છે ?
(અ) રાષ્ટ્રપતિ નિયુક્તિ બાર સભ્યો (બ) એંગ્લો - ઈન્ડિયન
(ક) બહુમતીથી ચૂંટાયેલા સભ્યો (ડ) કેન્દ્ર શાસિત પ્રદેશના સભ્યો

(૮) વિશ્વમાં સૌથી લાંબુ બંધારણ કયા દેશનું છે?
(અ) કેનેડા (બ) જર્મની
(ક) યુ.એસ. (ડ) ભારત

(૯) ભારતીય બંધારણમાં નીચેનામાંથી કઈ કલમ પ્રેસની સ્વતંત્રતા સાથે સંબંધિત છે?
(અ) કલમ-૧૯ (બ) કલમ-૨૦
(ક) કલમ-૨૧ (ડ) કલમ-૨૨

(૧૦) ભારતના બંધારણ મુજબ અંગ્રેજી 'સહાયક રાષ્ટ્રીય ભાષા' તરીકે કયાં સુધી રહેશે?
(અ) ૨૦૨૦ (બ) ૨૦૪૭
(ક) ૨૦૫૦ (ડ) અનિશ્ચિત સમય સુધી

(૧૧) ભારતની સુપ્રિમ કોર્ટનું મુખ્ય સૂત્ર કયું છે?
(અ) જયાં ધર્મ ત્યાં ન્યાય (બ) જયાં ન્યાય ત્યાં ધર્મ
(ક) જયાં ધર્મ ત્યાં જંપ (ડ) જયાં જય ત્યાં ધર્મ

(૧૨) પંચવર્ષીય યોજનાઓને મંજૂરી કોણ આપે છે ?
(અ) આયોજન પંચ (બ) વડાપ્રધાન
(ક) રાષ્ટ્રીય વિકાસ પરિષદ (ડ) આયોજન મંત્રી

(૧૩) આંતરરાજય પરિષદ સ્થાપવાનો અધિકાર કોને છે?
(અ) સંસદને (બ) રાષ્ટ્રપતિને
(ક) વડાપ્રધાનને (ડ) સ્પીકરને

(૧૪) બંધારણની પ્રસ્તાવના અને ભાષા કોના બંધારણથી લીધેલા છે. ?
(અ) કેનેડા (બ) આફ્રિકા
(ક) ઓસ્ટ્રેલિયા (ડ) બ્રિટન

(૧૫) 'કોમ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ' ઑફ ઈન્ડિયા નીચેનામાંથી શેનું ઓડીટ કરતા નથી ?
(અ) કેન્દ્ર સરકાર (બ) રાજય સરકાર
(ક) રાજયના જાહેર એકમો (ડ) ખાનગી કંપનીઓ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મદિવસ**

- **૨૭ જુલાઈ ૧૯૧૧ : ઉમાશંકર જોશી :** રાષ્ટ્રીય સ્તરના ગુજરાતી સાહિત્યકાર ઈડર પાસેના બામણા ગામના વતની. 'નખી સરોવર પર શરદ પૂર્ણિમા' તેમનું પ્રથમ કાવ્ય અને 'વિશ્વશાંતિ' તેમણે પ્રથમ કાવ્ય સંગ્રહ છે. ૧૯૮૮માં બિમારીના કારણે અવસાન થયું.
- **૨૨ જુલાઈ ૧૮૯૩ : ડો. જેમ્સ હેનરી કઝિન્સ :** બેલફાસ્ટ શહેરમાં જન્મ. ભારતને પોતાનું વતન માની ૪૦ વર્ષ અહીં ગાળ્યા. જન્મે આઈરીશ છતાં એનીબેસન્ટના આમંત્રણથી ભારતમાં રહ્યા. સાહિત્યિક પ્રતિભા અને કલાવિષયક રસદષ્ટિ ધરાવતા મહામાનવનું ૨૦-૨-૧૯૪૬ના રોજ અવસાન થયું.
- **૨૩ જુલાઈ ૧૮૫૬ : લોકમાન્ય તિલક :** ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના શિલ્પકાર. મહારાષ્ટ્રના ચિખલી ગામમાં જન્મ થયો હતો. લડાયક જહાલ નેતાની છાપ. 'કેસરી', અને 'મરાઠા પત્રો'ના સંપાદક. 'હોમરૂલ' ના સ્થાપક, સામુહિક 'ગણેસ મહોત્સવ' શરૂ કરનારૂ - ૧૯૨૦માં નિધન થયું.
- **૨૪ જુલાઈ ૧૮૭૭ : ડો. જયોર્જ વિલ્સન :** ગુજરાતી ભાષાના સમર્થક. અનાથોની સેવા કરનાર, ગુજરાત કૉલેજની પ્રિન્સિપાલ રહેલા, 'ડૉકટર ઑફ ડિવિનિટી'ની પદવી આપવામાં આવેલ. ૨૪-૭-૧૯૫૯માં સુરેન્દ્રનગરમાં અવસાન થયું.
- **૨૫ જુલાઈ ૧૮૭૫ : જિમ કાર્બેટ :** પર્યાવરણવિદ અંગ્રેજી શિકાર કથા અને સાહિત્યકાર, નૈનિતાલમાં જન્મ થયો. બીજા વિશ્વયુદ્ધ વખતે સુંદર કામગીરી બજાવી. ભારતને 'માય ઈન્ડિયા' કહેતા, 'કેસર - એ - હિંદ' તથા 'સ્ટાર ઑફ બ્રિટીશ એમ્પાયર'નો એવોર્ડ મળેલ. ૧૯૫૫માં અવસાન પામ્યા.
- **૨૬ જુલાઈ ૧૮૫૬ : જયોર્જ બર્નાડ શો :** પ્રખર અને પ્રકાંડ નાટ્યકાર, ૨૨ વર્ષની ઉંમરે 'ઈમેચ્યોરિટી'નામની નવલકથા લખી. લંડનુના 'સ્ટાર' દૈનિક પત્રમાં લેખક અને વિવેચક રહ્યા. તેમના 'પેગ્મેલિયન' નાટક પરથી 'સંતુ રંગીલી' ફિલ્મ બન્યું હતું. ૧૯૫૦માં નિધન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ઈઝરાયલના રાષ્ટ્ર પ્રમુખનું નામ શું છે?**

**જવાબ : રેઈવન રીલ્વીન (રાષ્ટ્રપ્રમુખ)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો



## ખજાનો

અનિલ પટેલ

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) પંકજ. આર. પ્રજાપતિ : ઉવારસદ
(૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૭) મહેશ એમ. જાદવ : શ્રીરંગ, એન્ટાયર, રાયસણ
(૮) ધાર્મિક. એસ. પટેલ : ધોળેશ્વર
(૯) મનવા સદ્દામ હુસૈન જી : સાયરા

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**નાગાલેન્ડના નવા મુખ્યમંત્રી તરીકે કોને જાહેર કરવામાં આવ્યા છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) ક (૨) બ (૩) ડ (૪) ક (૫) ડ (૬) બ (૭) અ (૮) ડ (૯) અ
(૧૦) ડ (૧૧) ક (૧૨) ક (૧૩) બ (૧૪) ક (૧૫) ડ

# સત્યપ્રકાશ સૂરીનું સત્ય

**(ક્રમશઃ ચાલુ)**

સૂરી સાહેબ ગાંધીનગરમાં યોગ માટે સર્વગ્રાહ્ય છે. આજ સુધી સૂરી સાહેબ માટે કોઈપણ માણસ ઘસાતું બોલતો હોય એવું સાંભળ્યું નથી, જોયું નથી. પણ શા માટે બોલે ? જેણે આખું જીવન લોકોને સુખી કરવા માટે, દુઃખમુક્ત કરવા, દર્દ મુક્ત કરવા માટે ભગીરથ - અવિરત પ્રયત્ન કર્યો હોય તેને કોઈ શા માટે ખરાબ કહે. આજે આગળ કહ્યું એમ ઘણા બધાં ગાંધીનગરના ડૉક્ટર જે પોતાના દર્દીને દર્દમુક્ત નથી કરી શકતા એ બધાં જ સૂરી સાહેબ પાસે જવાનું કહે છે અને એ બધાને ૮૦ થી ૯૦ ટકા જેટલો સારો પ્રતિસાદ મળે છે અને લોકો એમનો આભાર માનતા પત્રો પણ લખે છે. સૂરી સાહેબનો તો આભાર માને છે પણ જે ડૉક્ટરે જેમને સૂરી સાહેબ પાસે મોકલ્યા હોય એ ડૉક્ટરનો પણ ખૂબ જ આભાર માને છે.

આગળ કયા કયા દર્દમાં સૂરી સાહેબ મદદ કરી શકે છે એની ચર્ચા - વિચારણા અને સમજ આપણે આગળ લઈશું. પણ પહેલા સવાલ એ થાય કે સૂરી સાહેબ કેટલા વર્ષથી યોગ કરાવે છે અને કઈ જગ્યા ઉપર અથવા તો યોગની કઈ ડીગ્રી એમની પાસે છે તે જાણવું સૂરી સાહેબ માટે નહીં ઘણા બધાંને તર્ક - વિતર્ક થતાં હોય છે. પણ સૂરી સાહેબ એક એવું વ્યક્તિત્વ છે કે જેના હૃદયમાંથી યોગનું કેવી રીતે મેડીકલ સાયન્સન મુજબ યોગ કરાવી લોકોને ફાયદો પહોંચાડવો અથવા રોગમુક્ત કરવા. સૂરી સાહેબ પહેલા રોગના કારણ સુધી પહોંચે છે અને એ રોગ માટે કયો યોગ પ્રાણાયામ જરૂરી છે, કયો ખોરાક જરૂરી છે તે તેમની સમજ પ્રમાણે દર્દીને અથવા તો યોગ વિદ્યાર્થીને શીખવે છે. અને તેના લીધે એક આગવી છટાથી કયાંય ચોપડીમાં ન લખ્યું હોય એ રીતે યોગ પાસેથી કંઈક લઈને દર્દીને પહોંચાડે છે. અને દર્દીઓ સારા થાય છે.

આમ તો, સૂરી સાહેબ વર્ષોથી નાનો નાનો અથવા થોડો થોડો યોગ કરતા હતા. પણ તેમના કહેવા પ્રમાણે જયારે નોકરીમાંથી નિવૃત્ત થવાના હતા ત્યારે મારે કંઈક સમાજ માટે કરવું છે એવી ભાવનાથી કંઈક કામ શોધતા હતા. અને ત્યારે ૧૯૯૨માં કાયાવરૂણ નામની સંસ્થાની યોગ શિબિરમાં ગાંધીનગરમાં અરવિંદ આશ્રમમાં યોજાયેલો. એમાં સૂરી સાહેબે ભાગ લીધો. તેટલું જ નહીં પણ પોતાની જાતને એમાં ખપાવી દીધું. ધીમે ધીમે યોગ વિષે ઘણું ઉંડાણમાં વિચાર્યું. નવા યોગ, પ્રાણાયામ વિષે ખાસ્સું એવું વાંચન કર્યું. પછી એમણે નિવૃત્ત થયા પછી યોગ માટેના ક્લાસ સવારે અરવિંદ આશ્રમમાં શરૂ કર્યાં. સવારે ૫.૩૦ થી ક્લાસ. શરૂઆતમાં શરૂ કર્યા. અરવિંદ આશ્રમના સંસ્થાપક શ્રી મનુભાઈએ એમને સારો સાથ આપ્યો. શરૂઆતમાં કોઈ આવતું નહીં. બે - ત્રણ અઠવાડિયા સુધી કોઈપણ યોગવીર ન આવ્યો. ફક્ત એકલા યોગવીર સૂરી સાહેબ સવારે ૫.૩૦ કલાકે આવતા અને ૭ કલાકે પરત ફરતા. ધીમે ધીમે એકાદ-બે યોગ શિખવાના હેતુથી યોગ વિદ્યાર્થી દેખાવા લાગ્યા. એમ કરતાં કરતાં છ મહિનામાં સારી એવી સંખ્યા સૂરી સાહેબ પાસે આવી ગઈ. તે પછી આજના દિવસ સુધી સૂરી સાહેબને પાછું જોવાનો સમય નથી મળ્યો. સતત નવા નવા રોગના માનવીઓ સાથે નવી નવી યોગ અને પ્રાણાયામની વિદ્યાર્થી દર્દીઓને હંમેશા મદદ કરી રહ્યા છે. ઘણા બધાંના રોગ મટ્યા છે. એનું કારણ છે કે સૂરી સાહેબ માને છે કે જયાં પણ શરીરમાં રોગ થાય છે ત્યાં ઓક્સિજન એટલે કે પ્રાણવાયુ ઓછા પ્રમાણમાં પહોંચે છે. તેને લીધે જ ત્યાં સડો અથવા તો ખરાબી અથવા તો રોગ ઉત્પન્ન થાય છે. મારું કામ એ ભાગમાં ઓક્સિજન પુરું પાડવાનું. એ બગડી ગયેલા ભાગમાં ઓક્સિજન મળશે એટલે રોગ ભાગશે. મોટા ભાગના કારણોના રોગમાં ખોટું ખાવાનું એટલે કે ખોટો ખોરાક ખાવાનો, કસમયે ખાવાનું, શરીરને જરૂર ન હોય એવો ખોરાક ખાવાનો અને બીજું કારણ છે ટેન્શનવાળી જીંદગી. હંમેશા નાનો હોય કે મોટો માણસ ટેન્શનમાં જ જીવતો હોય છે. એ ટેન્શનમાંથી મુક્ત કરાવવો અને ત્રીજું કારણ છે પરિશ્રમ કરવાનું. લોકો પરિશ્રમ ભૂલી ગયા છે. તેમને પરિશ્રમ કરાવતા શીખવાડવાનું આ જ મારા કામ છે. યોગ તો બધા કરાવે છે પણ સૂરી સાહેબ કહે છે કે યોગ કરવા માટે સામેના દર્દીને અથવા તો યોગ્ય યોગપ્રેમી વિદ્યાર્થીને સમજવો જરૂરી છે અને એને ગમે તેમ નહીં પણ શિસ્તબદ્ધ રીતે વિચાર કરીને યોગ અથવા પ્રાણાયામ કરાવવા જોઈએ. દરેક મનુષ્યની પ્રકૃત્તિ અલગ - અલગ હોય છે, અને દરેકના રોગ અલગ હોય છે તેને સમજવા પડે અને સમજાયા પછી રોગી રેગ્યુલર હું કહું એ પ્રમાણે જો કરે તો ૧૦૦ ટકા રોગ જાય, ફાયદો થાય અને માણસ ૨૪ કલાક આનંદ અને સ્ફૂર્તિમાં રહે. સૂરી સાહેબ કહે છે ડાયાબિટીસ, બી.પી., સાયનસ, માઈગ્રેન, શરદી, માથામાં ટાલ પડવી, આંખો નંબર આવવા, દાંતમાં તકલીફ થવી, શરીરની ચામડી કાળી પડી જવી, શરીર ઉપર ગુમડા થવા, પગમાં દુઃખાવો થવો, વારેવારે ઝાડા થવા, ઝાડામાં લોહી અને પરૂ પડવું, પેટમાં સતત દુઃખવું, જાડાપણું, વજન ન વધવું, કેન્સર. સૂરી સાહેબનું કહેવું એમ છે કે, પ્રમાણિક્તાથી, વિશ્વાસ રાખી સરસ રીતે નિયમિત જો યોગ અને પ્રાણાયામ કરવામાં આવે તો



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

અનુસંધાન પાના નં. ૭ પર